**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૬ ટકા

# શહેરમાં રેમડેસિવિર ઈન્જેક્શનનો કાળો કારોબાર

**હોસ્પિટલ અને ફાર્મા કંપનીના કર્મચારીઓ જ યેનકેન પ્રકારે રેમડેસિવિર મેળવી ઉંચા ભાવે વેચતા હોવાનુ ધ્યાને આવ્યુ**




ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં કોરોનાએ રીતસરનો ભરડો લીધો છે. ગાંધીનગર કોર્પોરેશન ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાંથી અનેક નવા કેસો બહાર આવી રહ્યાં છે. તમામ હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. કોરોનાની ગંભીર અસરવાળા દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શન આપવામાં આવે છે. શહેરના લાઈફ સેવિંગ ઈન્જેક્શન રેમડેસિવિરનો કાળો કારોબાર ધમધોકાર ચાલી રહ્યો છે.

હાલમાં રેમડેસિવિર ઈન્જેક્શનની ખૂબ અછત સર્જાઈ છે. માંગ સામે પૂરવઠો ખૂબ ઓછો હોવાથી દર્દીઓના સગાઓને રેમડેસિવિર ઈન્જેક્શન માટે ઠેર ઠેર ભટકવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. આ પરિસ્થિતિનો લાભ કેટલાક કાળા બજારીયાઓ ભરપૂર પ્રમાણમાં કરી રહ્યા છે. શહેરમાં આ લાઈફ સેવિંગ ઈન્જેક્શન વેચતા ગઠિયાઓ એક ઈન્જેક્શનના ૧૨ થી ૧૫ હજાર સુધી વસુલી રહ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. હાલમાં હોસ્પિટલમાં દાખલ હોય તેવા દર્દીઓને જ રેમડેસિવિર આપવામાં આવે છે. કેટલીક હોસ્પિટલો ફાર્મા કંપનીઓના કર્મચારીઓ સાથે સાંઠગાંઠ કરી દર્દીઓના નામે ઈન્જેક્શન મેળવી લે છે. સરકારી ક્વોટામાંથી પણ આવી જ રીતે ઈન્જેક્શન મેળવી લેવાય છે. ત્યારબાદ તેનુ ઉંચા ભાવે વેચાણ કરાય છે.

ગાંધીનગરમાં એવા ઘણા દર્દીઓ છે જે હોમ આઈસોલેશનમાં સારવાર મેળવી રહ્યાં છે. આ દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શનની જરૂર હોય તો ખાનગી તબીબો તે પ્રિસ્ક્રાઈબ કરી આપે છે. હાલમાં બજારોમાં રેમડેસિવિર ઈન્જેક્શન મળતાં ન હોવાથી કાળા બજારીયાઓ ખૂબ ઊંચી કિંમતે તે દર્દીઓને વેચી રહ્યાં છે. આ ઉપરાંત શહેરમાં નકલી રેમડેસિવિર પણ કેટલાક એજન્ટો વેચી રહ્યાં હોવાનુ સામે આવ્યુ છે. આ બાબતે તપાસ થવી જરૂરી બની છે.

## ગાંધીનગર શહેરના ૨૫૦૦ જેટલા કોરોના પ્રભાવિત દર્દીઓને શિક્ષાપત્રી ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક ટીફીન સેવા

**શિક્ષાપત્રી ફાઉનડેશન દ્વારા કોરોના વોરિયર્સ તરીકે ૧૦૮માં ફરજ બજાવતા મેડિકલ સ્ટાફને ૧૫૦ ટીફીનની સેવા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં કોરોનાની મહામારીમાં સંપૂર્ણ હોમ કવોરન્ટાઈન દર્દીઓ માટે શિક્ષાપત્રી ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા તા. ૧૫મી એપ્રિલ, ૨૦૨૧ થી નિઃ શુલ્ક ટીફીન સેવા ઘરે ઘરે પહોંચાડવાની ઉમદા સેવાકીય કાર્યનો આરંભ કરવામાં આવ્યો હતો. આજે ગાંધીનગર શહેરના ૨૫૦૦ જેટલા કોરોના પ્રભાવિત દર્દીઓને અને ૧૦૮માં ફરજ બજાવતાં મેડિકલ સ્ટાફને ૧૫૦ ટીફીન સેવા સવાર- સાંજ આપવામાં આવી રહી છે.

ગાંધીનગર ચૌધરી સમાજના પૂર્વ પ્રમુખ અને મેટ્રો ગ્રૃપના શ્રી વિષ્ણુભાઈ ચૌધરી તથા શિક્ષાપત્રી ફાઉન્ડેશનના સભ્યો શ્રી નિમેષભાઈ ચૌધરી તથા હિતેષભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીથી પ્રભાવિત ગાંધીનગર શહેરમાં તા. ૧૫મી એપ્રિલ, ૨૦૨૧થી નિઃશુલ્ક ટીફીન સેવા બપોર અને સાંજના ભોજન માટે શરુ કરવામાં આવી હતી. જેના લાભ અત્યાર સુધીમાં ૩૨ હજાર જેટલા ગાંધીનગર શહેરીજનોને આપવામાં આવ્યો છે. હાલમાં



રોજના ૨૫૦૦ જેટલા કોરોના પ્રભાવિત દર્દીઓને ઘરે ઘરે ટીફીન સેવા આપવામાં આવી રહી છે. આ પૈકી સીવીલ હોસ્પિટલમાં સતત જીવના જોખમે દર્દીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફને પણ દરરોજ ૧૫૦ ટીફીન સેવા આપવામાં આવે છે.

ગાંધીનગર શહેરના કોરોના પ્રભાવિત સેકટર- ૨ અને સેકટર- ૩માં સૌથી વધુ ૨૦૦ જેટલા ટીફીન સેવા પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત સરગાસણ અને કૃડાસણમાં પણ કોરોના પ્રભાવિત કુટુંબોને ટીફીન સેવા પૂરી પાડવામાં આવે છે.

કોરોનાથી મુકત થયેલા સુખી, સંપન્ન પરિવારો સાજા થતાં યથાશક્તિ દાન આપવાની પણ શિક્ષાપત્રી ફાઉન્ડેશનને તત્પરતા દાખવી છે. શિક્ષાપત્રી ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા કોઈપણ દાન નહી સ્વીકારીને પોતાની શક્તિ પ્રમાણે અન્ય કારોના પ્રભાવિત કુટુંબોને મદદરુપ થવા વિનંતી કરી છે.

શિક્ષાપત્રી ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા સેકટર- ૧ થી ૩૦ તથા રાંદેસણ, કુડાસણ, પેથાપુર અને સરગાસણ વિસ્તારો માટે કુલ ૪૦ થી વધુ વોલીયન્ટર્સ સમયસર બે ટાઈમ ટીફીન પહોંચાડવાની સેવાકીય પ્રવૃત્તિઓ પોતાના વાહન સાથે કરી રહ્યાં છે.

ગાંધીનગર શહેરના કોરોના પ્રભાવિત લોકોને આ સેવાનો લાભ લેવા ૯૪૯ ૯૪૯ ૯૪૯૦ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષાપત્રી ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા કોરોના દર્દીઓ માટે બપોરે મીઠાઈ, કઠોળ, શાક, રોટલી, દાળ-ભાત અને સલાડ તથા સાંજે ખીચડી, કઢી, શાક અને ભાખરી કોરોનાના દર્દીઓને ઘર આંગણે પહોંચાડવામાં આવે છે.

### હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સીસ્ટર આને ઓક્સિજનની જરૂર નથી... ખોરાકની જરૂર છે...

## શહેરમાં ઓફિસો-મકાનોને સેનેટાઈઝ કરવાનુ ચલણ વધ્યું

**ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ વધતાં આખે આખા ઘર અને ઓફિસને સેનેટાઈઝ કરી આપતી એજન્સીઓનો વ્યવસાય ખૂબ વધ્યો**

ગાંધીનગર, તા. ૩૦

હાલમાં કોરોનાનો પીક સમય ચાલી રહ્યો છે. દર્દીઓ ખૂબ જ મોટી સંખ્યામાં બહાર આવી રહ્યાં છે. આખે આખા પરિવારો કોરોના સંક્રમિત થાય છે. આવી સ્થિતિમાં સંક્રમણ વધુ ન ફેલાય તે માટે આખે આખા મકાનો, બંગલાઓ, ઓફિસો અને સોસાયટીઓને સેનેટાઈઝ કરવાનો વ્યવસાય ખૂબ ફૂલ્યો ફાલ્યો છે.

અમદાવાદ ઉપરાંત ગાંધીનગરમાં હાલમાં ખૂબ મોટી સંખ્યામાં દર્દીઓ બહાર આવી રહ્યાં છે. એક જ ઘરમાં ચાર-પાંચ દર્દીઓ હોય અથવા આખેઆખા પરિવારો સંક્રમિત હોય તેવા કિસ્સાઓ ખૂબ વધી રહ્યાં છે. આવી પરિસ્થિતિમાં ઘર કે ઓફિસને સેનેટાઈઝ કરવાનુ ચલણ વધ્યુ છે. સેનેટાઈઝરનો ઉપયોગ તો વ્યાપક બન્યો છે સાથે જ ઘર-ઓફિસને સેનેટાઈઝ કરાવવાની પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલી રહી છે.

કોરોના સંક્રમણના શરૂઆતના ગાળામાં કોર્પોરેશન દ્વારા સેનેટાઈઝેશનની કામગીરી કરવામાં આવતી હતી પરંતુ હાલમાં તે કામગીરી કોર્પોરેશને બંધ કરી છે. હાલમાં ઘણી ખાનગી કંપનીઓ સેનેટાઈઝેશનની કામગીરી કરે છે. ઘરમાં કે ઓફિસમાં કોરોનાનું સંક્રમણ વધ્યુ હોય ત્યારે આવી કંપનીઓ પાસે સેનેટાઈઝેશનની કામગીરી કરાવવામાં આવે છે. કેટલીક ઓફિસોમાં સેનેટાઈઝેશનનો કોન્ટ્રાક્ટ જ આપી દેવાયો છે. તેઓ નિયમિત રીતે સેનેટાઈઝેશનની કામગીરી કરી આપે છે. કેટલીક મોટી સોસાયટીઓવાળા પણ સેનેટાઈઝેશની કામગીરી કરાવી રહ્યાં છે. છેલ્લા કેટલાક દિવસોમાં આ પ્રવૃત્તિ એટલી વધી છે કે કંપનીઓ પાસે સમય જ નથી.

## રસીકરણ પહેલાં રક્તદાન અંતર્ગત સે.૭માં રક્તદાન શિબિર યોજાઈ




કટોકટીમાં સર્જાયેલી રક્તની અછતને પહોંચી વળવાના હેતુથી ગાંધીનગરના સેક્ટર ૭માં ભારત માતાના મંદિર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૨૫ દાતાઓએ રક્તદાન કર્યું હતું. છેલ્લા એક વર્ષથી સર્જાયેલી કોરોના કટોકટીમાં રક્તદાનની પ્રવૃત્તિ ખૂબ જ ધીમી પડી જવા પામી હોવાથી શહેરની સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી બ્લડબેંકોમાં પણ રક્ત પુરવઠાની અછત વર્તાઈ રહી છે, આ સમયે રક્તદાન શિબિરનો આ એક પ્રશંસનીય પ્રયાસ વિશ્વ હિન્દુ પરિષદ તરફથી કરવામાં આવ્યો હતો જેમાં બજરંગદળના પ્રમુખ શક્તિસિંહ ઝાલાની આગેવાનીમાં યુવાનોએ સેવાઓ આપી હતી.

## ઓક્સિજનની ફાળવણીમાં કાપ અને કથળતી આરોગ્ય સેવાઓ અંગે કોંગ્રેસે આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ફાળવવામાં આવતા ઓક્સિજનના જથ્થામાં કાપ મુકવાના તંત્રના નિર્ણય સામે આજે શહેર અને જિલ્લા કોંગ્રેસે કલેક્ટરને આવેદનપત્ર આપી તેમાં પુનઃ વિચારણા કરવા તેમજ શહેર અને જિલ્લામાં આરોગ્ય સેવાઓ કથળી રહી હોવાથી દર્દીઓ રામભરોસે અને તંત્રની બેદરકારી સામે પણ રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ફાળવવામાં આવતા ઓક્સિજનના જથ્થામાં ૩૦ ટકા કાપ મુકવાના નિર્ણય સામે આજે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કોંગી કાઉન્સીલર ચિમનભાઈ વિંઝુડા શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલાએ આજે જિલ્લા કલેક્ટરને આ મુદ્દે આવેદન પત્ર આપ્યુ છે.

શહેર અને જિલ્લામાં સંક્રમણ વધી રહ્યુ છે અને જિલ્લાની આરોગ્ય સેવાઓ કથળી ગઈ હોવાથી દર્દીઓને રામભરોસે છોડી દેવાયા છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. આ મુદ્દાઓને આજે આવેદનપત્રમાં વાચા આપવામાં આવી હોવાનું પ્રદીપસિંહ અને શૈલેન્દ્રસિંહે જણાવ્યુ હતુ

પ્રદીપસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે સરકારે માનવતા વિરૂદ્ધ જવામાં હદ વટાવી દીધી છે. ગાંધીનગરના સ્મશાનોમાં મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે પણ લાકડાઓ ખુટતાં મૃતક પરિવારના સ્વજનો મુશ્કેલીમાં મુકાયા છે. મનપા તંત્ર દ્વારા વનવિભાગ પાસે ૨૫ હજાર મણ લાકડાની માંગણી કરવામાં આવી હતી અને વન વિભાગે ૧૫ હજાર પણ લાકડાનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો છે. માંગ મુજબ જથ્થો ન ફાળવવા પાછળનું કારણ સમજાતુ નહિ હોવાનું તેમણે કહ્યુ હતુ.

તેમણે મનપામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને ફાળવવામાં આવતી ગ્રાન્ટ ગણત્રીના દિવસોમાં પૂર્ણ થવાની હોવાથી ફાજલ થશે. ત્યારે રાજકીય દ્વેષભાવ રાખ્યા વિના કાઉન્સીલરોને ફાળવવામાં આવેલી ગ્રાન્ટનો ઉપયોગ કોરોનાની મહામારી સામે લડવા માટે કરવો જોઈએ તેમજ પ્રજાને વેન્ટીલેટર, ઓક્સિજન, સેનેટાઈઝેશન સહિતની આરોગ્યલક્ષી સેવાઓ મળે તે દિશામાં વાપરવા આગ્રહ કર્યો છે.

ગાંધીનગરમાં ૧૨૦૦ બેડની એક્ઝીબીશન ડોમમાં હોસ્પિટલ બનાવવાના મુદ્દે જે ક્ષુલ્લક કારણો આગળ ધરી કામગીરી ખોરંભે નાખવાને લઈ પણ આ આગેવાનોએ નારાજગી વ્યક્ત કરી છે.

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એટીએમની સુવિધા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સિવિલના ગોટ પાસે એસબીઆઈ બેંક દ્વારા એટીએમની સુવિધા ઊભી કરવામાં આવી છે આ સુવિધાનો લાભ દર્દીના સગાઓ સિવિલ સ્ટાફના કર્મચારીઓ સહિત નગરજનોને લાભ મળશે આ એટીએમની સેવાનો લાભ ટુંક સમયમાં નાગરીકોને લાભ મળશે આ એટીએમની સેવાનો લાભ ટુંક સમયમાં નાગરીકોને મળશે.




# કોરોના સંક્રમણની ગંભીર સ્થિતિએ ખેડૂતોની દશા પણ માઠી કરી

**જિલ્લાના ખેડૂતોને ઉભો પાક લણવા ખેત મજૂરો મળતાં નથી : બજારો બંધ હોવાથી માલ વેચી શકાતો નથી તેથી આર્થિક તંગી વર્તાઈ રહી છે : ગ્રામીણ વિસ્તારોમાં સંક્રમણ વધ્યું હોવાથી પરિસ્થિતિ વધુ ચિંતાજનક બની**

ગાંધીનગર, તા. ૩૦

કોરોના વાયરસે સમગ્ર વિશ્વમાં તેની ઘાતક અસરો ઉભી કરી છે. અત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ અત્યંત જોખમી રીતે પ્રસરેલા કોરોના સંક્રમણને કારણે ચિંતાજનક સ્થિતિ પેદા થવા પામી છે. આ સ્થિતિમાં ઘરે ઘરે કોરોના દર્દીઓ જોવા મળી રહ્યાં છે તેમજ જિલ્લાની ખેતી વિષયક પ્રવૃતિ પર પણ અત્યંત વિષમ અસરો જોવા મળી રહી છે. અત્યારે જિલ્લામાં ખેત મજૂરોની અછત સર્જાઈ છે તે સાથે માર્કેટયાર્ડો બંધ હોવાથી ખેડૂતોની મહેનતની અંતે હાથમાં આવનારી આવકથી ખેડૂતોને વંચિત રહેવુ પડ્યું છે જેના કારણે ખેડૂતો આર્થિક તંગીનો સામનો કરી રહ્યાં છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ ખેતી એકમાત્ર સૌથી મુખ્ય વ્યવસાય છે પરંતુ કોરોના સંક્રમણની બીજી લહેરમાં તે વ્યવસાય પણ ખેડૂતો માટે ચિંતાજનક પરિસ્થિતિમાં જોવા મળી રહ્યો છે. જિલ્લાના ખેડૂતોને અત્યારે ખેતરમાં ઉભો પાક લણવા માટે ખેતમજૂરો મળવા મુશ્કેલ બન્યાં છે અને જો ખેત મજૂરો મળી જાય તો પણ બજારો બંધ હોવાથી પાક વેચી શકાતો નથી જેના કારણે ખેત મજૂરોને વેતન ચુકવવાના પણ ફાંફા પડી રહ્યાં છે. માત્ર અનાજ જેવી ખેત પેદાશો નહી પરંતુ શાકભાજી અને ફળફળાદી માટે પણ શ્રમિકો મળવાં મુશ્કેલ બન્યાં છે. કેમકે ગ્રામીણ વિસ્તારોમાં પ્રસરેલા કોરોના સંક્રમણને કારણે રાજ્યના અંતરિયાળ વિસ્તારમાંથી ખેતમજૂરી કરવા આવતા ખેતમજૂરો આવવા તૈયાર નથી. હોળી ઉજવવા વતનમાં ગયેલા શ્રમિક ખેત મજૂરો કે બાંધકામ ક્ષેત્રના મજૂરો કોરોના સંક્રમણની બીજી લહેર પ્રસરતા પરત ફર્યા નથી.

જિલ્લાના ખેડૂતોના જણાવ્યા અનુસાર એક તો ખેત મજૂરોની અછત હતી તેમાં માર્કેટયાર્ડો જેવા બજારો બંધ થઈ જવાથી ખેડૂતોનો તૈયાર પાક વેચાયા વગર પડી રહ્યો છે જેથી ખેડૂતો આર્થિક તંગી અનુભવી રહ્યા છે. તેમાં પણ શાકભાજીના ખેડૂતો માટે તો પાકના સ્ટોરેજ માટે કોલ્ડ સ્ટોરેજના ખર્ચા પણ મોંઘા પડી રહ્યાં છે.

આ સ્થિતિમાં શાકભાજીના હોલસેલ ભાવો ગગડી ગયાં છે અને સતત વધતી ગરમીમાં હજુ પણ વધુ ગગડી શકે છે. અનેક ખેડૂતોના ઘરોમાં પરિવારના એક કે વધુ સભ્યો કોરોના સંક્રમિત થયાં હોવાથી તેની સારવારના ખર્ચા પણ માથે તોળાઈ રહ્યાં છે આ સ્થિતિમાં ખેડૂતોની હાલત વધુ કફોડી બનવા પામી છે.





ગાંધીનગરની સેવાભાવી સંસ્થા ગજાનન સેવા સમિતિ દ્વારા રાજ્યના સીમાવર્તી વિસ્તારના અંતરિયાળ ગામોમાં જરૂરિયાતમંદ પરિવારોને નિયમિત અનાજ કરિયાણા સહિતની વિવિધ સામગ્રીનું વિતરણ કરવામાં આવે છે જે અંતર્ગત ગુજરાતના રાજસ્થાન બોર્ડર તરફના સૌથી છેલ્લા ગામ અણસોલ ખાતે ૧૮ લાભાર્થીઓને ત્રણ કિલો ચોખા સાથે માર્ગ બિસ્કીટ તથા પેરાસીટામોલ ટેબ્લેટ સહિતની સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જામ ચિતરિયા ગામે ૮૮ ચોખાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



**તુલસીભાઈ ખુબાજી માલી**
અધ્યક્ષ, રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ ગાંધીનગર, બક્ષીપંચ મોરચા મંત્રી, ભાજપ ગાંધીનગર મહાનગર
મો. ૯૪૨૬૫ ૯૦૩૭૨



**લક્ષ્મીબેન તુલસીભાઈ માલી**
મો. ૯૯૭૪૯ ૬૬૪૭૫



**કે જી માજીરાણા**
મો. ૯૪૦૮૩ ૨૮૯૫૩



**પર્વ અંકિત પંડ્યા**
મો. ૯૯૯૮૭ ૧૬૮૨૭



**પરમાર રસીલાબેન કે રેડક્રોસ**



**પ્રજાપતિ નિરમાબેન એચ રેડક્રોસ**



**ક્રિસ પરમાર**

## ખૂણેખાંચરેથી

- રાજ્યના સ્થાપના દિવસે રાજ્યના રાજ્યપાલશ્રી તેમજ મુખ્યમંત્રી રૂપાણી આજે બાયસેગના સ્ટુડિયોમાંથી પંચાયતી રાજના પદાધિકારીઓ સાથે "મારૂ ગામ કોરોના મુક્ત" મંત્ર સાથે સંવાદ કરશે.
- ગાંધીનગર શહેર અને જિલ્લાના કોરોનાના આંકડા અને સરકારના આંકડાઓ વચ્ચેની વિસંગતતાએ લોકોમાં ચર્ચા જગાવી છે.
- સે. ૨૭ માં માર્ગનુ કામ ચાલી રહ્યુ હોવાથી ટેલિફોનનો કેબલ કપાઈ જતાં આખા સેક્ટરના બીએસએનએલના લેન્ડલાઈન ફોન બંધ થઈ ગયા છે. રિપેરીંગ માટે ત્રણ દિવસથી કોઈ આવતુ જ નથી.
- ૫ મી મે સુધી જિલ્લામાં મહત્તમ તાપમાન ૪૦-૪૧ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવાની શક્યતા છે.
- માનવ સેવા મંડળના સેવાધારી સેવક પ્રફુલ્લભાઈ રાવલનું ૨૮મી એપ્રિલે દુઃખદ અવસાન થયુ છે.
- મોડાસા-મેઘરજ બાયપાસ ચોકડી પાસે ગમખ્વાર અકસ્માતમાં બે વ્યક્તીના મોત થયા છે. આ કાર ગાંધીનગરની હોવાનું અનુમાન છે.
- ગાંધીનગર તાલુકાના માધવગઢના મહિલા સરપંચ શારદાબેન રાઠોડનું દુઃખદ અવસાન થયુ છે.